


# નનૌક વાવાઝોડું ગુજરાત તરફ આગળ વધ્યું

## કોંકણ, ગોવા, દક્ષિણ ગુજરાતમાં ભારે પવન ફુંકાશે : માછીમારોને દરિયામાં ન જવા માટેની અપીલ : વાવાઝોડું ગુજરાત, મહારાષ્ટ્ર તરફ ફંટાશે તો અતિભારે વરસાદ થવાની સંભાવના : ચેતવણીના સિગ્નલો : તંત્ર સાવધાન

અમદાવાદ, તા.૧૧

અરેબિયન દરિયા ઉપર ડિપ ડિપ્રેશનની સ્થિતિ સર્જાઈ છે. વાવાઝોડામાં ફેરવાઈને આ વાવાઝોડું આગળ વધે તેવી શકયતા છે. વાવાઝોડું નનૌક ગુજરાત અને ઓમાન વચ્ચે દરિયા તરફ આગળ વધવાની શક્યતા છે. હવામાન વિભાગે આજે આ મુજબની માહિતી આપી હતી. જો વાવાઝોડું ભારતથી દૂર તેની વર્તમાન સ્થિતિને જાળવશે તો મોનસુન ઉપર માઠી અસર થશે. પરંતુ જો તે તેની દિશા બદલીને આગળ વધશે તો મહારાષ્ટ્ર અને ગુજરાતના દરિયા તરફ આગળ વધશે અને આ વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ થશે. આવી સ્થિતિ મોનસુનની પ્રગતિમાં મદદરૂપ થઈ શકે છે. દક્ષિણ પશ્ચિમ મોનસુન હવે મધ્ય અરેબિયન દરિયા, દરિયાકાંઠાના કર્ણાટક, સમગ્ર ગોવા અને કોંકણના કેટલાક ભાગોમાં આગળ વધી રહ્યું છે. જમ્મુ કાશ્મીર, હિમાચલના કેટલાક ભાગોમાં વરસાદ થયો છે. નાનૌક વાવાઝોડું પૂર્વ મધ્ય

અરેબિયન દરિયા ઉપર સ્થિત છે અને તે પશ્ચિમ ઉત્તર તરફ વધી રહ્યું છે. પ્રાપ્ત અહેવાલ મુજબ આજે સવારે વાવાઝોડુ મુંબઈથી ૬૬૦ કિમી અને વેરાવળથી ૫૯૦ કિમી દુર કેન્દ્રીત ૨૪ કલાકમાં વિકરાળ બનશે કર્ણાટક, કેરળ, લક્ષદ્વિપમાં ભારે વરસાદ પડશે. કોકણ-ગોવા અને દક્ષિણ ગુજરાતમાં ભારે પવન ફુંકાવવાની શકયતા, માછીમારોને

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

ગઇકાલની ચોટ
આવતીકાલનું સચોટ
પરિણામ બની શકે
- નવનીત

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૯૨ | ૧૨ જૂન, ૨૦૧૪, ગુરુવાર; જેઠ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લામાં ૧૨,૩૨૧ બાળકોનું નામાંકન કરાશે

## આજથી ત્રિદિવસીય પ્રવેશોત્સવમાં જિલ્લાના ચારેય તાલુકાઓમાં ૫,૯૬૬ કન્યા અને ૪૩ વિકલાંગ બાળકોનું નામાંક કરાશે : ગાંધીનગર તાલુકામાં સૌથી વધુ બાળકોનું નામાંકન કરાશે

ગાંધીનગર, તા.૧૧

સમગ્ર રાજયમાં કન્યા કેળવણી અંગેની જાગૃતિ કેળવાય અને -ાથમિક શિક્ષણથી કોઈ પણ બાળક વંચિત ન રહી જાય, તેવા ઉમદા આશયથી શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. તા. ૧૨ થી ૧૪ જૂન દરમ્યાન રાજયભરમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાનાર છે. શાળા પ્રવેશોત્સવ -૨૦૧૪ દરમ્યાન ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકાઓમાં કુમાર- ૬૩૫૫ અને કન્યા ૫૯૬૬ મળી કુલ- ૧૨,૩૨૧ બાળકોનું ધોરણ- ૧માં નામાંકન કરવામાં આવશે. તેમજ ધોરણ-૧માં કુલ- ૪૩ વિકલાંગ બાળકોનું પણ નામાંકન કરવામાં આવશે. ચારેય તાલુકામાં સૌથી વધુ ગાંધીનગર તાલુકામાં કુમાર- ૨૩૫૮ અને કન્યા ૨૨૩૬ મળી કુલ- ૪૫૯૪ બાળકોનું નામાંકન કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકાઓમાં ગ્રામ્ય કક્ષાએ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ તા.૧૨ થી ૧૪મી જૂન દરમ્યાન યોજાનાર છે. શહેરી કક્ષાનો શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ તા. ૧૯ થી ૨૨મી જૂન, ૨૦૧૪ દરમ્યાન યોજાનાર છે. ગાંધીનગર જિલ્લામાં ધોરણ- ૧માં એકદરે કુલ- ૧૨,૩૨૧ બાળકોનું નામાંકન કરવામાં આવનાર છે. જેમાં માણસા તાલુકામાં અનુસુચિત જાતિના ૮૫, અનુસૂચિત જનજાતિના ૧૧, બક્ષીપંચ જાતિના ૧૫૧૭ અને અન્ય ૨૦૩ મળી કુલ- ૧૮૦૫ બાળકોનું નામાંકન કરવામાં આવશે. કલોલ તાલુકામાં અનુસૂચિત જાતિના ૨૦૦, અનુસૂચિત જનજાતિના ૨૨, બક્ષીપંચ જાતિના ૨૪૧૨ અને અન્ય ૨૮૧ મળી કુલ- ૨૯૧૫ બાળકોનું નામાંકન કરવામાં આવશે. ગાંધીનગર તાલુકામાં અનુસુચિત જાતિના ૨૬૬, અનુસૂચિત જનજાતિના ૯૬, બક્ષીપંચ જાતિના ૩૫૨૨ અને અન્ય ૭૧૦ મળી કુલ- ૪૫૯૪ બાળકોનું નામાંકન કરવામાં આવશે. દહેગામ તાલુકામાં અનુસુચિત જાતિના ૬૪, અનુસૂચિત જનજાતિના ૭૬, બક્ષીપંચ જાતિના ૨૬૫૩ અને અન્ય ૨૧૪ મળી કુલ- ૩૦૦૭ બાળકોનું નામાંકન કરવામાં આવશે. તે ઉપરાંત ધોરણ-૧માં કલોલમાં ૦૫, ગાંધીનગરમાં ૨૭ અને દહેગામ તાલુકામાં ૧૧ વિકલાંગ કુમાર-કન્યા મળી કુલ-૪૩ બાળકોનું નામાંકન કરવામાં આવશે.

શાળા પ્રવેશોત્સવ દરમ્યાન ગાંધીનગર તાલુકામાં ૨૨૩૬, માણસા તાલુકામાં ૮૯૩, કલોલ તાલુકામાં ૧૩૯૧ અને દહેગામ તાલુકામાં ૧૪૪૬ કન્યાઓનું ધોરણ-૧માં નામાંકન કરવામાં આવશે.



બાપ જેવા બેટા ને વડ જેવા ટેટા - ગુજરાતી ભાષાની પરંપરાગત કહેવત આપણને વડની પ્રાકૃતિક પરિષાભ્મા સમજાવે છે... વડના ગુણો વડના મુળમાંથી પાંદડે પાંદડે પહોંચે છે અને એટલે જ કહેવાય છે કે, વડના અંગે અંગમાં પ્રાકૃતિક સામ્યતા છે... અને બેટો પણ બાપના જેવી જ પરંપરામાં ઉછર્યો હોય એટલે પ્રકૃતિએ પણ પિતા જેવો જ હોય છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# ગાંધીનગરની તમામ શાળાઓમાં વૉશ એરિયા બનાવવા વિચારણા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લા -ભારી સચિવ શ્રી સંજય પ્રસાદના અધ્યક્ષ સ્થાને મળેલ ગરીબ કલ્યાણ મેળાની બેઠકમાં જિલ્લા -ભારી સચિવશ્રીએ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ સહિત જિલ્લાના અન્ય મહત્વના મુદ્દાઓની પણ ચર્ચા કરી હતી. આ બેઠકમાં જિલ્લા -ભારી સચિવ શ્રી સંજય -સાદે શાળા પ્રવેશોત્સવના જિલ્લા કક્ષાના આયોજનની રૂપરેખા જાણી હતી. તેમણે જણાવ્યું હતું કે, જિલ્લાની મધ્યાહન ભોજનની સુવિધાવાળી તમામ શાળાઓમાં વોશ એરિયા બનાવવા જોઈએ, આ વોશ એરિયાના પાણીનો બગાડ ન થાય તે માટે તે પાણી નજીકના છોડો અને વૃક્ષોને મળે તેવી વ્યવસ્થા ગોઠવવા ભારપુર્વક જણાવ્યું હતું. તેમજ મધ્યાહુન ભોજનમાં જમવાની ગુણવત્તા તેમજ તિથિભોજનની વ્યવસ્થાની પણ ચકાસણી કરવા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં -વેશવિધિ સંપન્ન કરાવવા જનાર જિલ્લાના અધિકારીશ્રીઓ અને મંત્રીશ્રી કે અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓના લાયઝન અધિકારીશ્રીઓને જણાવ્યું હતું. તે ઉપરાંત શાળા અને આંગણવાડીમાં પીવાના શુધ્ધ પાણીની સુવિધા અને શૌચાલયની સુવિધા સાથે તેની સ્વચ્છતા અંગે જાત નિરીક્ષણ કરવા પણ જણાવ્યુ હતું. તેમજ એસ.એમ.એસ સમિતિની બેઠક નિયમિત મળે છે

● અનુસંધાન પાન-૭ પર

# શાળા પ્રવેશોત્સવમાં સ્મૃતિ ઈરાની, વસુબેન ત્રિવેદી અને સૌરભભાઈ પટેલ જોડાશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લામાં તા. ૧૨ થી ૧૪ જુન, ૨૦૧૪ દરમ્યાન ગ્રામ્ય કક્ષાના કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવનાર છે. આ કાર્યક્રમ દરમ્યાન જિલ્લાના ગ્રામ્ય કક્ષાની શાળાઓના બાળકોની ગુજરાત રાજયના બે મંત્રીશ્રી, કેન્દ્ર સરકારના એક મંત્રીશ્રી સહિત રાજયના ૧૮ ઉચ્ચ અધિકારીશ્રીઓ દ્વારા પ્રવેશ વિધી સંપન્ન કરાવવામાં આવનાર છે. ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય કક્ષાના શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ દરમ્યાન મહિલા બાળ કલ્યાણ, ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ રાજય મંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદી તા.૧૩મીના રોજ ગાંધીનગર

● અનુસંધાન પાન-૭ પર

## NEWS બિટ્સ

### ● મેડીકલની ૩૨ ટકા બેઠકો રદ

તબીબી શિક્ષણની ગુણવત્તા નબળી ન પડે તેની કાળજી રાખીને મેડીકલ કાઉન્સિલ ઓફ



ઈન્ડિયાએ દેશભરમાં ૩૨ ટકા એમબીબીએસ બેઠકો રદ કરી નાખી છે. યોગ્ય સવલતો ન ધરાવતી કોલેજોની ૧૫૮૯૦ બેઠકો રદ કરાતા વિવાદ સર્જાયો છે. ૩૨ ટકા બેઠકો રદ થતા તબીબી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ગળાકાળ સ્પર્ધા થવાની સંભાવના છે.

### ● શનિવારે વિશ્વ રક્તદાતા દિન

વિશ્વભરના દેશો દર વર્ષે ૧૪મી જૂનનો દિવસ વિશ્વ રક્તદાતા દિવસ તરીકે મનાવે છે. આ કાર્યક્રમ દ્વારા સલામત રક્ત



અને રક્ત ઉત્પાદનો પ્રત્યે જાગૃતિ લાવવામાં આવે છે. વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા આ વર્ષના અભિયાનની થીમ ‘સલામત રક્ત થકી માતૃત્વનો બચાવ’ નક્કી કરવામાં આવી છે.

### ● દિલ્હીના મેટ્રો સ્ટેશનમાં કોબ્રા ઘુસવાથી દોડધામ

દિલ્હીના યમુના બેંક મેટ્રો



સ્ટેશન પર એક કોબ્રા સાપ ઘુસી આવ્યો હતો. મેટ્રો સ્ટેશન જેવા સ્થળ પર સાપને જોઈને લોકો ડરી ગયા હતા. જોકે એક એનજીઓની મદદથી આ સાપને કાઢવામાં આવ્યો હતો. સાપને પકડીને જંગલમાં છોડી દેવાયો હતો.

### ● લકઝુરીયસ કાર ૩૦ લાખ સુધી સસ્તી

લકઝુરીયસ કારના શોખીનો માટે સારા સમાચાર છે.



ભારતમાં જ કારના એસેમ્બલિંગ તેમજ એન્જિન અને અન્ય પાર્ટસના સ્વદેશીકરણની યોજનાથી જેગુઆર, બીએમડબલ્યુ, મર્સિડીઝ તથા ઓડીના ભાવમાં બે મહિનામાં રૂ. ૩૦ લાખ સુધીનો ઘટાડો નોંધાયો છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

EXCHANGE | GA | True Value
MARUTI SUZUKI Way of Life!
પ્રગતિશીલ બનો ઝડપથી
ઉજ્જવળ ભવિષ્ય આપની પ્રતિક્ષા કરી રહ્યું છે
સેલ્સ એકઝીક્યુટીવ (રીટેલ / કોર્પોરેટ) M
ગ્રેજ્યુએટ, કાર્ય સફળતા માટે હેતુલક્ષી અભિગમ અને સેલ્સ / ઓટો લોન ક્ષેત્રમાં ૧-૨ વર્ષના અનુભવીને પ્રથમ પસંદગી, પોતાનું ટુવ્હીલર હોવું અનિવાર્ય છે.
કોલ સેન્ટર એક્ઝિક્યૂટિવ M/F
શિક્ષિત, જવાબદાર, સ્વતંત્ર, પ્રભાવશાળી કોમ્યૂનિકેશનની ફ્નેહ અને કન્વિનીયન્સ પાવર ધરાવતા, કોમ્પ્યુટર ઓપરેટીંગનું જ્ઞાન હોવું અનિવાર્ય છે.
વેચાણ માટે સુઝબુઝ અને ટ્રાન્સપોર્ટેશન સુવિધા ધરાવતા તથા પોતાની ઈચ્છાશક્તિને કારકિર્દીમાં પરિવર્તિત કરવા ઈચ્છુક ઉમેદવારો પણ ઈન્ટરવ્યુ માટે આવકાર્ય છે. પસંદગી પામેલા ઉમેદવારોને મારૂતિ સુઝુકી દ્વારા વ્યાપક તાલીમની ઓફર.
બિનઅનુભવી ઉમેદવાર પણ અરજી કરી શકે છે.
ઉમેદવારની લાયકાત પ્રમાણે વાર્ષિક રૂા. ૧.૫ લાખ સુધીનો પગાર.
વોક-ઈન ઈન્ટરવ્યુ તા. ૧૨ જૂન, ૨૦૧૪
સમય : સવારે ૧૦ થી ૧ અને બપોરે ૩ થી સાંજે ૮
નંદા ઓટોમોબાઈલ્સ પ્રાઈવેટ લિમિટેડ
પ્લોટ નં. ૧૦૦૯, GIDC, સેક્ટર - ૨૮, ગાંધીનગર. ફોન : 23212692 / 93
E-mail : nanda.gdn.hr1@marutidealers.com
SERVICE WITH SMILE

GPSC Dy.SP / DC / SO / TDO / મામલતદાર /
જાહેરાત પ્રસિદ્ધ તા. 11.06.2014 www.gpsc.guj.govt.in
351 જગ્યાઓ
ફોર્મ ભરવાની છેલ્લી તા. 30.06.2014
લાયકાત : ગ્રેજ્યુએટ ઉંમર : (20-35) વર્ષ
કુલ ગુણ 500
પરીક્ષા તારીખ તા. 12.10.2014
ગુજરાત સરકારમાં 2014 માં 16000 થી વધુની વર્ગ-1/2/3 માં ભરતી !
Dy.SP/DC SO/TDO/ મામલતદાર / વર્ગ (1/2) 351 જગ્યાઓ
GPSC પ્રિલિમ પરીક્ષા 12 ઓક્ટો-14
CSAT/GS શનિ/રવિ અથવા સોમ થી શુક્રની બેચ
જાહેરાત પ્રસિદ્ધ 11 જુન 2014 પ્રસિદ્ધ
19/6 તથા 22/6 થી નવી બેચની શરૂઆત
પરીક્ષા સુધીનો કોર્ષ મહત્તમ 6 માસ
ફી માત્ર ₹ 24,000/- (F) ₹ 28,000/- (M)
કલાર્ક/ એકાઉન્ટન્ટ કોન્સ્ટેબલ
વર્ગ-3માં 15000થી વધુની ભરતી
માસ્ટર કોર્ષ-2014 (વર્ગ 3 માટે ખાસ બેચ)
ગુજરાતી / અંગ્રેજી / ગણિત / GS / બુદ્ધિ ચાતુર્ય / કોમ્પ્યુટર
સોમ થી શુક્ર ની બેચ
4 માસનો પરીક્ષાલક્ષી અભ્યાસ
19/6 થી બેચની શરૂઆત
ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M)
TCCI EDUCATION PVT. LTD.
ગાંધીનગર 9537614606
પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજ. ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A.
સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3.00 થી 5.30 સુધી)
મહેસાણા 9537614607
પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ.
સંપર્ક : સોમ થી શનિ (સવારના 10 થી 4.30 સુધી)

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ભણતર માટે સ્કૂલમાં એડમિશન લઈ લીધું...
ઘડતર માટેની સ્કૂલમાં Admissions Open
20 YEARS
Gandhinagar Cultural Forum's CULTURAL SCHOOL OF DANCE
સર્ટિફિકેટ કોર્સ
જુલાઈ-૨૦૧૪ થી છ મહિના
પ્રવેશ માટે યોગ્યતા
૧૪ વર્ષથી વધુ વયના ભાઈ-બહેનો
Gandhinagar Cultural Forum's CULTURAL SCHOOL OF DRAWING & PAINTING
સર્ટિફિકેટ કોર્સ
જુલાઈ-૨૦૧૪ થી છ મહિના
પ્રવેશ માટે યોગ્યતા
૮ થી ૧૪ વર્ષ અને ૧૫ વર્ષથી વધુ
Gandhinagar Cultural Forum's CULTURAL SCHOOL OF ACTING
સર્ટિફિકેટ કોર્સ
જુલાઈ-૨૦૧૪ થી ત્રણ મહિના
પ્રવેશ માટે યોગ્યતા
૧૪ વર્ષથી વધુ વય
વધુ વિગતો તથા પ્રવેશ ફોર્મ/સભ્યપદ ફોર્મ મેળવવાનું અને પરત કરવાનું સરનામું
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧
યુવાનો માટે સર્વાંગી વિકાસની તક
ગાંધીનગર કલ્ચરલ યુવા ફોરમ
૧૮ થી ૩૦ વર્ષના યુવક-યુવતિઓ સભ્યપદ મેળવી શકશે
તમામ સર્ટિફિકેટ કોર્સ અને ગાંધીનગર કલ્ચરલ યુવા ફોરમમાં જોડાવા માટેની
છેલ્લી તારીખ
૨૧ જૂન, ૨૦૧૪, શનિવાર